ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
E-mail : info@kskvkachchhuniversity.org

ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેકસઃ ૨૩૫૦૧૨
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E C.-Minuts 1st Feb '20 /

તા. /૦૨/૨૦

**વિષય :** ગત **તારીખ ૧લી ફેબ્રુઆરી ૨૦૨૦** નાં રોજની એકિઝકયુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને **તારીખ ૧લી ફેબ્રુઆરી ૨૦૨૦**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.

**નકલ સવિનય રવાના :**

૧. માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ જાણ સારૂ.
૨. માનનીય કુલસચિવશ્રીનાં કાર્યાલય તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૩. અધ્યક્ષશ્રી, તમામ શૈક્ષણિક ભવનો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૪. વડાશ્રી, તમામ વહીવટી વિભાગો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

# તારીખ ૧લી ફેબ્રુઆરી ૨૦૨૦નાં રોજ બપોરે ૧૨ :૦૦ કલાકે યુનિવર્સિટી કેમ્પસ ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૧લી ફેબ્રુઆરી ૨૦૨૦ને શનિવારનાં બપોરે ૧૨ : ૦૦ કલાકે કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કેમ્પસ ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક, માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ,આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારવામા આવ્યા અને ત્યાર બાદ, આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ અને હોદ્દો | હાજર / ગેરહાજર |
|---|---|
| પ્રો.ડૉ. ડી. સી. ધોળકિયા **–અધ્યક્ષશ્રી**<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન, **–સભ્યશ્રી**<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન, **–સભ્યશ્રી**<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| પ્રો.ડૉ.શ્રી ડી.એમ.બકરાણીયા **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| પ્રો. ડૉ.શ્રી પી. એસ.હિરાણી **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એસ.જી.ધર્માણી **–સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એમ.કે.પંડયા **–સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર –કચ્છ. | હાજર |
| પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠક્કર **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. **–સભ્યશ્રી**<br>એસોસીયેટ પ્રોફેસર, ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ | હાજર |
| શ્રી પ્રવિણભાઈ વી. પિંડોરીયા **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ – કચ્છ. | હાજર |
| શ્રી અરૂણભાઈ એચ.ભીન્ડે **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, આદિપુર –કચ્છ. | હાજર |
| ડૉ. શ્રી ટી.જે.શેઠ **–મેમ્બર સેક્રેટરી**<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.) | હાજર |

## ૧. તા.૬/૧/૨૦ના રોજ મળેલ બાંધકામ સમિતિની કાર્યવાહી બાબત :

બાંધકામ શાખાના પત્ર ક્રમાંક : નં.ક્યુ/બાંધકામ સભા/ ૨૦૧૯–૨૦ તા. ૩૦/૦૧/૨૦નાં દ્વારા ગત તારીખ ૬/૧/૨૦૨૦ના રોજ મળેલ બાંધકામ સમિતિની બેઠકમાં હાથ ધરાયેલ કામગીરી સંબંધે કરવામા આવેલ ભલામણ અંગે નિર્ણય લેવા રજૂઆત કરવામા આવેલ છે તે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧ : આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, તારીખ ૬/૧/૨૦૨૦ના રોજ મળેલ બાંધકામ સમિતિની બેઠકમાં હાથ ધરાયેલ કામગીરી સંબંધે કરવામા આવેલ તમામ ભલામણો ગ્રાહ્ય રાખવામા આવે છે.**

## ૨. કરાર આધારિત પધ્ધતિથી ફિક્ષ પગારથી નિમાયેલ બિન શૈક્ષણિક સ્ટાફ સંબંધે દાખલ કરવામા આવેલ ઈપીએફ કેસ અન્વયે સંબંધિત સંસ્થાના આદેશ મુજબ ભરપાઈ કરવાપાત્ર ફાળાની રકમ યુનિવર્સિટીએ ભરવા થયેલ આદેશ બાબત :

કરાર આધારિત પધ્ધતિથી ફિક્ષ પગારથી નિમાયેલ બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા દાખલ કરવામા આવેલ ઈપીએફ કેસ અન્વયે ઈપીએફ કચેરીનાં પત્ર ક્રમાંક : No.EPFO/DO/GND/453 Dt.09/08/19 દ્વારા વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૮ સંબંધે બન્ને પક્ષકારના ફાળાની રકમ મળી કુલ રકમ **રૂા. ૫૪ લાખ પૂરા** જમા કરવા આદેશ કરવામા આવેલ છે સદર બાબતેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૨ : આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, ઉકત દર્શિત પત્ર ક્રમાંક અન્વયેની શરત પરિપાલન સાથે વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૮ સંબંધે બન્ને પક્ષકારના ફાળાની રકમ મળી કુલ રકમ રૂા. ૫૪ લાખ પૂરા ચૂકવવા.**

## ૩. કરાર આધારિત પધ્ધતિથી ફિક્ષ પગારથી નિમાયેલ બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા, તેઓનાં ફીક્ષ પગારમાં વધારો કરવા માટે નિમાયેલ સમિતિની જોગવાઈ મુજબ ઈજાફાની રકમ મેળવવા થયેલ રજૂઆત બાબત :

કરાર આધારિત પધ્ધતિથી ફિક્ષ પગારથી નિમાયેલ બિન શૈક્ષણિક સ્ટાફને વખતો વખત ફીક્ષ પગાર સુધારણા સહ મળી રહે તે સંબંધે ફીક્ષ પગાર વધારા સમિતિની રચના કરવામા આવેલ હતી સદર સમિતિની જોગવાઈ મુજબ દર વર્ષે નિયત ટકાવારી મુજબ ઈજાફો મળવાપાત્ર બનતો હોય તે

મેળવવા માટે સંબંધિતો વતી રજૂઆત કરવામા આવેલ છે, સદર બાબતેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૩ : આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, કરાર આધારિત પધ્ધતિથી ફિક્ષ પગારથી નિમાયેલ બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા દાખલ કરવામા આવેલ પીટીશન સંબંધે નામદારશ્રી હાઈકોર્ટ ખાતે સદર બાબત વિચારણાધીન હોય, હાલની પરિસ્થિતિ યથાવત રાખતાં સદર ઈજાફા ચૂકવવા સંબંધિત કાર્યવાહી મુલત્વી રાખવી.**

## ૩. પ્રશ્નપત્રો સમય સર પોંહચતા કરવા કાર્ય પધ્ધતિ બદલવા અંગેની રજૂઆત બાબત :

પરિક્ષા વિભાગની મૌખિક રજૂઆત મુજબ પરીક્ષા કામગરી અન્વયે પરીક્ષાના નિયત સમયે પ્રશ્નપત્રો પરીક્ષા કેન્દ્ર પર પહોંચતા કરવા અતિ આવશ્યક બને છે જે સમય મર્યાદા સાચવવા તથા જે કેન્દ્ર પર ઓછા વિદ્યાર્થીઓ નોંધાયેલ હોય તેવા કેન્દ્ર સંબંધે છાપકામ અને વાહન વ્યવહારના ખર્ચને ધ્યાને લેતાં આ પધ્ધતિમાં ફેરફાર લાવવો આવશ્યક જણાયેલ છે. દેશની અને રાજયની અન્ય યુનિવર્સિટીઓએ **Secured Remote Paper Delivery (SPRD)** ની પધ્ધતિ અપનાવેલ છે જો તે મુજબ સદર કામગીરી હાથ ધરવામા આવે તો ગોપનીયતા સાથે સાથે પરીક્ષા ખર્ચમા ઘટાડો કરી શકાય અને સમય સર પ્રશ્નપત્રો મોકલી શકાય. સદર રજૂઆત બાબતે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૪: આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, Secured Remote Paper Delivery (SPRD) ની પધ્ધતિ અપનાવવા માટે દરેક કેન્દ્ર પર સંબંધિત પધ્ધતિના અમલ સંબંધે જરૂરી ભૌતિક વ્યવસ્થા –સુવિધાઓ છે કે કેમ? તેની ચકાસણી કરવા અહેવાલ તૈયાર કરવો અને ત્યાર બાદ જો યોગ્ય જણાય તો SPRDની પધ્ધતિ અમલી કરણમાં મૂકવી.**

**SPRD ની પધ્ધતિ અમલી કરણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦નાં દ્વિતિય સેમેસ્ટરની પરીક્ષાના આયોજન સંબંધે કરવાનું રહેશે.**

## ૪. મંજૂર ન થયેલ મહેકમ / ખાલી રહેલ જગ્યાઓ સંબંધે અપૂરતા વહીવટી અધિકારીઓની પરિસ્થિતનાં નિવારણ અર્થે ડેપ્યુટેશન પર નિમણૂક કરવા સંબંધિત કામગીરી હાથ ધરવા બાબત :

વહીવટની દ્રષ્ટિએ મહત્વની ગણી શકાય તેવી જગ્યાઓ પૈકીની કેટલીક જગ્યાઓનું મહેકમ મંજૂર ન થવાના કારણે અથવા તો મંજૂર થયેલ જગ્યાઓ પ્રયત્ન બાદ પણ ભરી શકાયેલ નથી આમ

વહીવટી અધિકારીઓની જગ્યા ભરાયેલ ન હોવાથી ઉપસ્થિત થતી પરિસ્થિતિના નિવારણ માટે કાર્યવાહી હાથ ધરવા પાત્ર બને છે સાથે સાથે દિન પ્રતિ દિન નાણાકીય વ્યવહારો વધતાં જાય છે માટે સદર જવાબદારીઓ પૂરી કરવા માટે યોગ્ય લાયકાત અને અનુભવધરાવતા અધિકારીઓની આવશ્યકતા રહે છે હાલનાં સંજોગો જોતાં એકાઉન્ટ ઓફિસર તથા પ્રી–ઓડિર્ટસની આવશ્યકતા રહેલી હોય સદર બાબતેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ :૫:</u> આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, ઉકત પરિસ્થિતિ તથા નાણાકીય વ્યવહારોની અગત્યતાને મધ્યે નજર રાખતાં એકાઉન્ટ ઓફિસર તથા પ્રી–ઓડિર્ટસની જગ્યાઓ પર ડેપ્યુટેશન અન્વયે નિમણૂક કરવા માટે રાજયપાલશ્રીની કચેરી તથા શિક્ષણ વિભાગને પત્ર પાઠવવો.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

---

**કુલસચિવ**